

છ લાખ પશુપાલકોનું સહિયારું અને હરિયાળું સપનું

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક - ૯ | વર્ષ - ૨ | માર્ચ - ૨૦૨૩

www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## 1503 દૂધ મંડળીઓમાં આ ફેબ્રુઆરીએ સંસ્થાના ચેરમેન શ્રી. ના આગ્રહથી યોજાયો

# સાગર સંવાદ सेतु



### જ્યાં વાત થઈ પશુપાલકોના વિકાસની - દૂધસાગરના વિશ્વાસની

- દૂધ મંડળીના દૂધ સંપાદન અને ગુણવત્તાના સુધારા અંગે જ્ઞાન અને સૂચનો કરાયા
- મંડળી કક્ષાએ વર્તમાન માળખાકિય સુવિધાઓમાં વધારો કરવા સંઘ અને મંડળી પરસ્પર પૂરક બને તેવી સંકલ્પના દ્રઢ કરવામાં આવી
- દૂધસંઘ દ્વારા આપવામાં આવતી સેવાઓનો વ્યાપ નાનામાં નાના દૂધ ઉત્પાદક સુધી પહોંચે તેની સુચારૂ વ્યવસ્થા સમયને અનુરૂપ સુદ્રઢ કરવાના આયોજનો થયા
- દૂધ ઉત્પાદકોને વૈજ્ઞાનિક અભિગમથી આદર્શ પશુપાલન માટે પ્રોત્સાહિત કરવાના કાર્યક્રમો યોજાયા
- દૂધ ઉત્પાદકોને પશુપાલન અને ડેરી ક્ષેત્રની વૈશ્વિક પરિસ્થિતીથી વાકેફ કરવામાં આવ્યા
- સેક્સડ્ સિમેન ડોઝના અગણિત ફાયદાની સમજ આપવામાં આવી
- સમતોલ પશુઆહારથી નફાકારક પશુપાલનની પાઠશાળા યોજાઈ
- પશુરોગ નિયંત્રણ અને રસીકરણ તથા ઘરઘથ્થું દેશી ઉપચાર વિશે જાણકારીઓ અપાઈ
- દૂધસાગર ડેરીના તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ ક્રમબધ્ધ ઉપરોક્ત મંડળીઓ ઉપર પશુપાલક જાગૃતિ અભિયાન હાથ ધર્યું

દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેનશ્રી. મહેસાણા દૂધ સંઘની ગતિ-પ્રગતિ અને ઉન્નતિ માટે આદેશ નથી કરતા પરંતુ, પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં હોય છે. ગત ડિસેમ્બર માસની શરૂઆતમાં તેઓએ દૂધસાગર ડેરીના MD શ્રી. ધીરજકુમાર સાથે પોતાના મનની વાત જણાવતાં કહ્યું કે ; મહેસાણા દૂધસંઘના કાર્યક્ષેત્રમાં આવતી તમામ દૂધમંડળીઓના ચૂંટાયેલા અથવા પસંદ થયેલા પ્રતિનિધીઓ એક અર્થમાં દૂર બેસીને આપણા વહિવટમાં મદદરૂપ બનનાર સહયોગી છે ત્યારે, આપણે દૂધસાગર ડેરી તરીકે તેમની પાસે જવું જોઈએ અને વિચારોનું આદાન-પ્રદાન કરી તેમની સમસ્યાઓ અને આપણા ઉકેલો વાસ્તવમાં સાકાર થાય તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ. ચેરમેનશ્રી.ની આ ઈચ્છાને ફળીભૂત કરવાના ભાગરૂપે MD શ્રી.એ CS વિભાગ સાથે મળી મૂલાકાતોનો દોર શરૂ કર્યો. શિયાળાની વહેલી સવારે અને સમી સાંજે દૂધ ભરાવવાના સમયે વિવિધ દૂધ મંડળીઓના કારોબારી સભ્યો સાથે સતત બે મહિનાઓ સુધી MD શ્રી. અને ઉચ્ચ અધિકારીઓએ બેઠકો કરી અને આ દરમ્યાન જાણવા મળ્યું કે ; એક સામાન્ય પશુપાલક પણ દૂધ સાગર ડેરીના વહિવટનો ભાગીદાર છે અને સંઘ તથા દૂધ ઉત્પાદક સિક્કાની બે બાજુ છે જેમને સંસ્થામાં સક્રિય કરવા જોઈએ અને એ સક્રિયતાને સાકાર કરવા આ ફેબ્રુઆરી માસમાં પ્રથમવાર ડેરી પહોંચી પશુપાલકના આંગણે : જે કાર્યક્રમનું નામ છે - સાગર સંવાદ सेतु









આ ફેબ્રુઆરી માસમાં ડેરીના CS વિભાગ (ફિલ્ડ સ્ટાફ) અને વેટરનરી વિભાગ દ્વારા દૂધસાગરના કાર્યક્ષેત્રની ૧૫૦૩ દૂધ મંડળીઓ ઉપર પશુપાલકોની મીટીંગો કરી સાગર સંવાદ સેતુ કાર્યક્રમનું આયોજન દૂધસાગરમાં 63 વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર કરવામાં આવ્યું. જ્યાં પશુપાલકો અને અધિકારીઓએ એક મંચ ઉપર ખુલ્લા મનથી પોતપોતાના વિચારો અને બદલાયેલા વિજ્ઞાનની વાતો કરી. દૂધ મંડળીના દૂધ સંપાદન અને દૂધની ગુણવત્તા સાથે ગ્રામીણ દૂધ મંડળીમાં બદલાયેલા સમય પ્રમાણે માળખાકીય સુવિધાઓ વધારવાની માંગણી સ્વીકારવામાં આવી તો દૂધસંઘ દ્વારા પશુપાલકોને આપવામાં આવતી સેવાઓથી નાનામાં નાનો પશુપાલક જાણકાર બને અને સરળતાથી આ સુવિધાઓ તેમને પ્રાપ્ત થાય તેવી સુચારૂ વ્યવસ્થા નવેસરથી ઉભી કરવાના પ્રયાસો આગામી સમયમાં હાથ ધરવામાં આવશે. આ સાગર સંવાદ સેતુ કાર્યક્રમમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં થયેલી છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધ અને સંશોધનોથી પશુપાલકોને વાકેફ કરવામાં આવ્યા તથા દૂધ ઉત્પાદકો વિજ્ઞાનને સાથે રાખી આદર્શ પશુપાલન કરતાં થાય તે માટે વ્યવહારિક જાણકારી સાથે તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું. હાલ, દૂધસાગર ડેરી દ્વારા ભરપૂર સબસીડી સાથે સેક્સડ્ સિમેન ડોઝ વિશે પશુપાલકોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. આ ડોઝના પરિણામે 90% વાછરડી જન્મવાની સંભાવના તથા ઉચ્ચ ઓલાદના પશુઓનો જન્મ અને ઉત્તમ દૂધ ઉત્પાદન થઈ શકે તેવા આ સંશોધનનો લાભ લેવા તૈયાર કરવામાં આવ્યા. હાલના સમયની જરૂરીયાત પ્રમાણે દૂધ ઉત્પાદન વધે અને ખર્ચ ઘટે એ જરૂરી હોવાથી વિવિધ વૈજ્ઞાનિક સંશોધનો, સેક્સડ્ સિમેન ડોઝ પશુરોગ નિયંત્રણ, રસીકરણ, દેશી ઘરગથ્થુ ઉપચાર તથા પાડી વાછરડી ઉછેરની વૈજ્ઞાનિક પધ્ધતિઓ અને મહેસાણા દૂધસંઘ દ્વારા મળતી તે અંગેની કીટ વિશે અવગત કરાવવામાં આવ્યા. નફાકારક પશુપાલન થાય તે માટે પશુપોષણમાં (સમતોલ આહાર) જે દૂધસાગર ડેરી દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિને આધારે તૈયાર કરવામાં આવે છે તેવા પ્રકારના ખોરાક આપવા અંગે પશુપાલકોને વર્તમાન જ્ઞાનથી વાકેફ કરવામાં આવ્યા. આજના યુગમાં પશુપાલનનો વ્યવસાય એકમાત્ર આર્થિક મુસીબતમાંથી ઉગરવાનો ઉત્તમ ઉપાય હોવાથી આ ધંધો ગૌરવનો વિષય ગણાય તથા નવી પેઢી આ વ્યવસાય અપનાવવાથી શરમ ન અનુભવે તે અંગેના હૃદયસ્પર્શી વાર્તાલાપ કરવામાં આવ્યા. ભૃણપ્રત્યારોપણ (એમ્બ્રિયો ટ્રાન્સફર) જેવા છેલ્લામાં છેલ્લા વૈજ્ઞાનિક આવિષ્કારને દૂધસાગર ડેરીએ અપનાવી તે અંગેની પ્રયોગશાળા શરૂ કરી છે ત્યારે, આપણા દૂધસાગર સાથે જોડાયેલા પશુપાલકો આ વૈજ્ઞાનિક સુવિધાનો ભરપૂર લાભ મેળવી ઉત્તમ પશુ પોતાના જીવનકાળ દરમ્યાન ૫ કે ૬ માદા પશુઓને જન્મ આપતું હતું તે જ પશુ આ એમ્બ્રિયો ટ્રાન્સફર આવિષ્કારથી ૫૦ થી ૬૦ અને કોઈ કિસ્સામાં તો, તેથી પણ વધુ માદા ઉચ્ચ ઓલાદના ભૃણ થકી જન્મ આપી શકવાની સંભાવના પેદા કરી શકે છે. આવી, અવનવી છતાં નક્કર વૈજ્ઞાનિક વાતો અને તેના પ્રયોગો સાથે દૂધસાગર ડેરીના અધિકારીઓએ લાખો પશુપાલકો સાથે નવા ભવિષ્યનું નિર્માણ કરવા આયોજીત કરેલો આ કર્મયોગ આવનાર સમયમાં દૂધસાગર ડેરીના નવાં - ઉજળાં ભવિષ્યનું નિર્માણ કરશે.




# ધરતી

## પાડી / વાછરડી ઉછેર કાર્યક્રમથી થતા લાભ

- પાડી / વાછરડી કીટ મહેસાણા દૂધસંઘ દ્વારા 50% સબસીડીમાં માત્ર 910 ₹ માં પ્રાપ્ત થાય છે
- દૂધના પાવડરથી 100 લિટર દૂધ બને જેથી તેની માતાનું 100 લિટર દૂધ ડેરીમાં ભરાવતાં અંદાજે ₹3000 નો ફાયદો થાય છે
- કીટ મંગાવી જો બચ્ચાંને ટેગ લગાવી રજીસ્ટર કરાવેલ હોય અને જો વાછરડી 30 મહિના પહેલાં વિયાય અને પાડી 40 મહિના પહેલાં વિયાય તો ₹7000 થી ₹ 8000 નું રોકડ ઈનામ મળે છે
- આ કીટથી પાડી / વાછરડીનું વજન દૈનિક 400 ગ્રામથી 600 ગ્રામ વધે છે. 12 માસની ઉંમરે 250 કિલો વજન થવા પામે છે અને 12 માસની ઉંમરે પાડી / વાછરડી પાળીમાં આવવામાં શરૂઆત થવાથી નાની ઉંમરે ગાભણ થવા પામે છે
- પ્રથમ વિયાણ વહેલું થતાં પશુ તેના જીવન કાળ દરમ્યાન વધુ બચ્ચાં ને જન્મ આપે છે
- પ્રથમ વિયાણ વહેલું થતાં પશુના ખર્ચ પણ ઓછો થવા પામતાં ફાયદો રહે છે

# આકાશ

## પાડી / વાછરડી ને કેવી રીતે ખોરાક આપવો ?

- પાડી / વાછરડી ના જન્મ ના તુરંત બાદ અડધા કલાકમાં બચ્ચાના વજન ના 10% તેની માનું ખરેટુ આપવું જોઈએ
- પ્રથમ 2 અઠવાડિયા તેની માનું દૂધ આપવું
- બે અઠવાડિયા બાદ પાડી/વાછરડી ઉછેર કાર્યક્રમનો લાભ લઈ એક લીટર ચોખ્ખા હુંફાળા પાણીમાં 100 ગ્રામ દૂધના પાવડર માંથી બનાવેલ પ્રવાહી સવાર સાંજ આપવું
- એક માસ સુધી 200 ગ્રામ પાડીદાણ આપવું. દાણ વધારતા જઈ 500 ગ્રામ થી એક કિલો જેટલું દૈનિક આપવું
- 50 કિલો પાડીદાણ ખવડાવ્યા બાદ દરરોજ 1 કિલો સાગર સમૃધ્ધિ દાણ આપવું
- દૈનિક 25 થી 50 ગ્રામ મીનરલ પાવડર આપવો
- સારી ગુણવત્તા વાળો સૂકો તથા લીલો ચારો આપવો
- જરૂરિયાત મુજબ તાજું સ્વચ્છ પાણી આપવું
- 15 દિવસની ઉંમર થતાં કૃમિની દવા પાઈપરાઈઝીન આપવી. છ માસ સુધી કૃમિ ની દવા દર મહિને આપવી

# અગ્નિ

## ગાભણ વસૂકેલ ગાય/ભેંસ ને કેવી રીતે ખોરાક આપવો ?

- વિયાણ ના બે માસ પહેલા બે કિલો સમતોલ દાણ થી શરૂઆત કરવી
- દર અઠવાડિયે 250 ગ્રામ વધારતા જવું
- ગાય-ભેંસ નું વિયાણ થાય ત્યારે તે ચાર કિલો દાણ ખાતી હોવી જોઈએ
- દૈનિક 100 ગ્રામ મિનરલ પાવડર તથા 25 થી 30 ગ્રામ ખારો નિયમિત આપવો
- છેલ્લા 10 થી 15 દિવસ પહેલાં દૈનિક 1 કિલો સાગર સમૃધ્ધિ દાણ આપવું
- મિનરલ પાવડર છેલ્લા દશ દિવસ આપવો બંધ કરવો
- શરીર ના નિભાવ માટે 10 કિલો લીલો ચારો તથા 5 થી 7 કિલો સૂકો ચારો આપવો
- 24 કલાક પીવા નું સ્વચ્છ પાણી મળી રહે તેવું આયોજન કરવું
- પશુપાલકો માટે પોતાનું પશુ ધન એક અર્થમાં પરિવારનું સભ્ય બનીને રહેવુ જોઈએ. પશુઓ બોલી શકતા નથી પરંતુ, દરેક પશુની ખુશી અને દૂ:ખ વ્યક્ત કરવાની અલગ - અલગ ભાવ ભંગિમા હોય છે જેનાથી પશુપાલક પોતાના વધુ સારી રીતે સમજી શકશે

# વાયુ

## દૂધાળાં પશુને ખોરાક કેવી રીતે આપવો ?

- ભેંસ વર્ગ માં દૂધના 1 લિટર દિઠ 500 ગ્રામ તથા ગાય વર્ગમાં 400 ગ્રામ સમતોલ દાણ આપવું. વધારાનું 2 કિલો શરીરના નિભાવ માટે આપવું
- 10 થી 15 કિલો લીલો ચારો તથા 5 થી 7 કિલો સુકો ચારો કટીંગ કરીને આપવો
- 1 લીટર દૂધ દિઠ 10 થી 12 ગ્રામ મિનરલ પાવડર આપવો તથા 25 થી 50 ગ્રામ ખારો આપવો
- દૈનિક 10 લીટર થી ઓછું દૂધ આપતા પશુ ને સાદુ સાગર દાણ આપવું જોઈએ
- દૈનિક 15 લીટર થી વધુ દૂધ આપતા પશુને સાગર હાઈપ્રો દાણ ઉપરાંત વધારાનું 1 કિલો સાગર સમૃધ્ધિ દાણ આપવું જોઈએ
- 24 કલાક પીવાનું સ્વચ્છ પાણી મળી રહે તેવું આયોજન કરવું
- ઉપરોક્ત ખોરાક આપવાની નિયમિતતા અને કાળજી સીવાય પશુઓના રહેઠાણ જીવાણું અને કિટાણું મુક્ત રહે તે માટે સ્વચ્છતા રાખવી મૂળ જરૂરીયાત છે.

# જળ

## મીનરલ મિશ્રર પાવડર થી થતા લાભા લાભ

- શરીરમાં બનતા બધા જ ઉત્સેચકો અને અંતઃસ્ત્રાવો ના બંધારણમાં જરૂરી છે
- શરીરનુ એસિડ બેઝિક સમતોલન જાળવે છે
- પશુનો ઝડપી શારીરિક વિકાસ થાય
- પશુ નાની ઉંમરે વેતરે આવે
- પ્રથમ વિયાણ ની ઉંમરમાં ઘટાડો થાય છે
- બે વિયાણ વચ્ચેનો સમય ઘટે છે
- તંદુરસ્ત બચ્ચાના જન્મ માટે જરૂરી છે
- પશુ દીઠ દૂધ ઉત્પાદન વધારે છે. તેમજ દૂધનો SNF અને ફેટનું પ્રમાણ વધારે છે
- સુવારોગ તથા માટી/મેલી ના રોગનું પ્રમાણ ઘટે છે
- નિયમિત વેતરે આવે છે
- ગર્ભ ધારણની શક્યતા વધે છે
- રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે અને ગળીયો તથા અન્ય બિમારીઓનું પ્રમાણ ઘટે છે
- ચયાપચય ના રોગનું પ્રમાણ ઘટે છે
- લૂલા લંગડા થવાની બીમારીમાં ઘટાડો થાય છે
- ચામડી ચમકદાર બનાવે છે

## દૂધસાગર ડેરી કાર્યક્ષેત્રના ડાલીસણા ગામે સાબિત કર્યુ

# પશુ એ ધન છે – તો – એનું ગોબર મહાધન છે !!





આજકાલ રાંધણગેસ અને રાસાયણિક ખાતરના ભાવ સૌને દઝાડી રહ્યા છે. ત્યારે ભારત સરકારશ્રી દ્વારા 42000 ના કુલ ગોબરગેસ પ્લાન્ટમાં 37000 સબસિડી સાથે માત્ર 5000 રૂપિયામાં પશુપાલકોને ગોબરગેસ પ્લાન્ટ મળી રહ્યો છે તેને દૂધસાગરના કાર્યક્ષેત્રમાં ભારે આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. આ પ્લાન્ટ લગાવવાથી જેમની પાસે ચાર થી પાંચ પશુ હોય તેમને મહિને બે થી ત્રણ LPG બોટલ જેટલો ગેસ સરળતાથી પ્રાપ્ત થાય છે. સાથે સાથે ઉત્તમ ખેતી માટેનું છ થી સાત મેટ્રીક ટન જેટલું ઓર્ગેનીક ખાતર મફતમાં મળી રહે છે. ગોબર ધન પ્લાન્ટથી પશુપાલકોની આવકમાં વધારો થવાની સાથે સાથે પ્રદૂષણ મુક્ત વાતાવરણ તથા કેરોસીન અને જલાઉ લાકડાં જેવી ઝંઝટોમાંથી મુક્તી મળવાની સાથે ઉત્તમ કુદરતી ખાતર મળી રહે છે. હાલમાં, દૂધસાગર ડેરીના પ્રયત્નો દ્વારા સતલાસણા તાલુકાના નવા વાસ, ઉમરી, સુદાસણા અને ખેરાલુ તાલુકાના ડાલીસણા, ફતેહપુરા, મછાવા અને આસપાસના ગામોમાં 200 બાયોગેસ પ્લાન્ટ ઉત્તમ પરિણામ આપી રહ્યા છે. દૂધસાગર પત્રિકાએ જ્યારે ડાલીસણા ગામની મુલાકાત લીધી ત્યારે જાણવા મળ્યું કે અહીં, બાર જેટલાં પશુપાલકો બાયોગેસ પ્લાન્ટનો લાભ લઈ રહ્યા છે. જે પૈકી રસીલાબેન પ્રજાપતિ અને સુરેખાબેન પ્રજાપતિ એ યોજના આશિંવાદ રૂપ હોવાનું ઉત્સાહપૂર્વક અમને જણાવ્યું.

# સાગરદાણની પ્લાસ્ટિક બેગની ખરીદી એટલે સાચી સમજદારીની નિશાની




સમજદાર વ્યક્તિઓ સમયને ઓળખી લેતા હોય છે ! આ સમજની સીધી અસર તેમના જીવન વ્યવહારોમાં જોવા મળતી હોય છે. પ્રાપ્ત માહિતી મુજબ ; મહેસાણા દૂધસંઘ દ્વારા પ્લાસ્ટિક બેગનું સાગરદાણ શણની બોરી કરતાં 100 રૂ. ની ઓછી કિંમતે મળતુ હોવા છતાં શરૂઆતમાં મંડળીઓ પ્લાસ્ટિક બેગની ખરીદીમાં ઉદાસીન હતી પરંતુ, આ બેગમાં થતા ફાયદાથી આજે આ મંડળીઓ દ્વારા 100% પ્લાસ્ટિક બેગોનું સાગરદાણ જ વેચાઈ રહ્યું છે. તેવી જ રીતે, હીરપુરા (વિજાપુર) દ્વારા 5800 બેગ, મલારપુરા (ખેરાલુ) દ્વારા 3870 બેગ, કોટ (વિજાપુર) દ્વારા 3320 બેગ, પાન્છા (ખેરાલુ) દ્વારા 8265 બેગ, હાથીપુરા (ખેરાલુ) દ્વારા 7395 બેગ, પાન્છા -૨ (સિધ્ધેશ્વરી ખેરાલુ) દ્વારા 3615 બેગ અને ગોકળીયુ મહીલા દ્વારા 250 પ્લાસ્ટિક બેગ સાથે આ મંડળીઓએ 100 % પ્લાસ્ટિક બેગમાં સાગરદાણની ખરીદી કરી ફાયદાના રસ્તો અપનાવી લીધો છે. શણની બોરી વેપારીને વેચતાં તેના 80 થી 90 રૂપિયા મળે છે. તેની સામે પ્લાસ્ટિક બેગને ફેરીયાઓ દ્વારા 15 થી 20 રૂપિયામાં વેચાતી લેવાય છે. આમ, સરવાળે પ્લાસ્ટિક બેગમાં લીધેલ સાગરદાણના ભાવ ફરકની સરખામણીમાં આ બેગ વેચાણ પછી પણ કુલ 30 રૂપિયા સીધો ફાયદો પ્રાપ્ત થતો હોય છે. પ્લાસ્ટિક બેગની ગુણવત્તા સારી હોવાથી ખેત પેદાશો ભરવા તેનો ઉત્તમ ઉપયોગ કરી શકાય છે. શણની બોરી કરતાં પ્લાસ્ટિક બેગમાં વધુ અનાજ અને રોકડીયા પાક ભરવાની સાથે તેને ભેજ અને પાણીથી બચાવી શકાય છે તથા તાડપત્રીનું નિર્માણ કરી શકાય છે. તેથી, સમયને ઓળખી પ્લાસ્ટિક બોરીમાં સાગરદાણ ખરીદીએ તે સાચી સમજદારીની નિશાની છે.

## આ વાતોથી - મુલાકાતોથી લખાશે સાગરની નવી કહાની

# એક માત્ર આ ફેરફારથી માનેસર ડેરી ખાતે વાર્ષિક આશરે 2 કરોડ - 30 લાખ - 40 હજાર રૂપિયાની બચત થશે



અગાઉ દૂધ માનસાગર ડેરી, માનેસર ખાતે બોઈલર અને જનરેટર ડિઝલથી ચાલતા હતાં. કેન્દ્રિય પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા દિલ્હી અને N.C.R માં આવેલ દરેક કંપની અને ઉદ્યોગ દ્વારા પ્રદૂષણ ન થાય તે માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જેમાં F.O ના બદલે P.N.G વાપરવાનું ફરજીયાત કરવામાં આવ્યું હતું. સરકારના આ ધારાધોરણનો સત્વરે અમલ થાય તે માટે આપણી દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી દ્વારા કેન્દ્ર સરકારને રજુઆત કરવામાં આવી હતી. સરકારશ્રી. સાથેના સંકલનને સફળતા મળતાં ગત તારીખ 26 જાન્યુઆરીના રોજ દૂધસાગર ડેરી માનેસરને ગેસ સપ્લાય પ્રાપ્ત થવા પામ્યો છે અને હાલમાં, પ્લાન્ટના બોઈલર અને જનરેટર ગેસ દ્વારા સંચાલિત કરવામાં આવતાં દૂધસાગર ડેરીના ઈન્ચાર્જ MD શ્રી. ધીરજકુમાર ચૌધરીએ આ પ્લાન્ટનો ગેસ દ્વારા શુભારંભ કરાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉ ડિઝલના કારણે પડતર કિંમત પ્રતિ યુનિટ 88 રૂપિયા આવતી હતી જે હવે, ગેસના કારણે પ્રતિ યુનિટ 72 રૂપિયા થવા પામી છે. તેના કારણે માનેસર ડેરીનો પ્રતિદીન ફ્યુઅલ વપરાશ જે 4000 થી 4300 યુનિટ એવરેજ હોવાના કારણે વાર્ષિક 2 કરોડ 30 લાખ 40 હજાર ની બચત થવા પામશે તથા સરકારી ધારાધોરણો અનુસાર પર્યાવરણની રક્ષા થવા પામશે.

# અને - માનેસર ડેરી જોઈ FSSAI વડા બોલ્યા : માતાના દૂધ પછી અમૂલ દૂધ ભરોસા પાત્ર છે !!



ગત તારીખ. 18 ફેબ્રુઆરી 2023 ના રોજ દિલ્હી (માનેસર) પ્લાન્ટ ખાતે FSSAI ના CEO શ્રી. જી.કમલા વર્ધના રાવ અને તેમના ધર્મપત્ની તથા સલાહકાર શ્રી. ડો. હરિન્દરસિંહ ઓબેરોય એ આકસ્મિક રીતે દૂધસાગર ડેરીના માનેસર એકમની મૂલાકાત લીધી હતી. સમગ્ર ડેરી પ્લાન્ટની જીણવટપૂર્વક મૂલાકાત કરી તેઓ દૂધસાગર ડેરીના મેનેજમેન્ટ તથા કર્મચારીઓ ઉપર પ્રભાવિત થવા પામ્યા હતા. દૂધસાગર ડેરી (માનેસર) ની મૂલાકાત દરમ્યાન તેઓએ ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓ સાથે દૂધ અને દૂધની બનાવટો તથા દૂધસાગરની કાર્યપધ્ધતિ અંગેની જાણકારી મેળવી હતી. તેઓ શ્રીએ વિઝીટર બુકમાં પોતાના અનુભવો લખતાં જણાવ્યું કે ; હું આજે દૂધ માનસાગર ડેરી (માનેસર) પ્લાન્ટની મૂલાકાતે આવીને અત્યંત આનંદનો અનુભવ કરી રહ્યો છું. આ પ્લાન્ટની મૂલાકાત મારા અને મારી પત્ની માટે ખૂબ જ રસપ્રદ અને જાણવા લાયક હતી. આ પ્લાન્ટમાં અદ્યતન મશીનરી અને કર્મચારીઓ દ્વારા કામકાજ કરવાની સમજ જોઈને મને આશ્ચર્ય થાય છે. હું અહીંની કર્મચારીઓની ટીમની પ્રશંસા કરું છું અને અભિનંદન આપું છું કે જેઓ ગુણવત્તાના ધોરણોને અને માપદંડ જાળવી રાખવા માટે 24 કલાક કામ કરી રહ્યા છે. આખી ટીમની કાર્યકુશળતાથી દૂધસાગર ડેરીની ગુણવત્તા અકબંધ રહેશે તેવો મને વિશ્વાસ છે તેઓ કદાચ સાબિત કરવા માંગે છે કે ; માતાના દૂધ પછી અમૂલ દૂધ ભરોસાપાત્ર છે !!

# હલકાં દૂધની સમસ્યાનો હવે અંત ...

# સાગર

## દૂધસાગર ડેરીનું હવે પોતાનું આગવું ઉત્પાદન

## બુસ્ટર મિનરલ મિશ્રર પાવડર

વિશ્વ આખાનાં તમામ ક્ષેત્રોમાં આજે વૈજ્ઞાનિક સંશોધનોના પરિણામે ધરખમ ફેરફારો આવી ચૂક્યા છે. વિશ્વનું પશુપાલન જગત પણ એનાથી બાકાત નથી. આજે હવે, જૂના જમાના પ્રમાણેની ખેતી અથવા પશુપાલન આપણને પોસાય તેમ નથી તેથી, જમાનાને અનુરૂપ વૈજ્ઞાનિક સંશોધનો અને વૈજ્ઞાનિક ઢબે તૈયાર થયેલા આહારો થકી આપણે ઓછા ખર્ચે ફાયદાકારક પશુપાલન કરી શકીએ તેમ છીએ.

## અગાઉ મિનરલ મિશ્રર માટે ઉદાસીન રહેતી દૂધ મંડળીઓ આજે માસીક ૨૫૦ થી ૪૦૦ કિલો પાવડર વાપરે છે

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાની તખતપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ, મંત્રી અને કારોબારી સભ્યોની કુશળતાને કારણે આજે સમગ્ર ગામને લાભના લાડુ મળી રહ્યા છે. આ મંડળીમાં ગાયોના દૂધનું પ્રમાણ ૯૮% કરતાં વધુ હોવાથી ગરમીના દિવસોમાં મંડળીનો સરેરાશ SNF ૮.૫% ની આસપાસ રહેતો હતો. જૂન ૨૦૨૨ ના મહિનામાં સવારના ત્રણ ટંકનો SNF ૮.૪ આવતાં મંડળીને આર્થિક નુકશાન થતુ હોવાનું સામે આવતાં આ મંડળીના કર્મચારીઓએ નિયમીત લેક્ટોમીટર મુકી દૂધની ખરીદી કરવાનું ચાલુ કરતાં ૨૦૦ લિટર થી ૫૦૦ લિટર દૂધ ભરાવતાં ગ્રાહકોનો SNF ખૂબ ઓછો આવતાં મંડળીએ તેમની દૂધ ખરીદી બંધ કરતાં કોઈપણ જાતના ગુના વગર આ પશુપાલકો મુસીબતમાં મુકાઈ જવા પામ્યા હતા. તે લોકોએ ત્યાંની વ્યવસ્થાપક કમિટીને રજૂઆત કરી કે, અમો દૂધમાં કોઈ પણ પ્રકારની ગેરરીતી અથવા



ભેળસેળ કરતાં ના હોવા છતાં અમારા દૂધને હલકામાં ખપાવી મંડળી અમારી સાથે અન્યાય કરી રહી છે.

તખતપુરા દૂધ ઉત્પાદક મંડળીની વ્યાવસ્થાપક કમિટી તથા પ્રમુખશ્રી. જમાલભાઈ પીરાભાઈ આરોડિયા એ આ સમસ્યા અંગે દૂધસાગર ડેરીના CS વિભાગ અને વેટરનરી વિભાગના ડૉક્ટરો સાથે બેઠક કરતાં તેઓએ આ સમસ્યાના ઉકેલ માટે નિયમીત સાગર બુસ્ટર મિનરલ પાવડરનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. મંડળીએ આ સલાહનું અનુસરણ કરતાં પશુપાલકોને સાગર બુસ્ટર પાવડર વાપરવા પ્રોત્સાહિત કરતાં અણધાર્યા ઉત્તમ પરિણામ પ્રાપ્ત થવા પામ્યા છે. આજે આ દૂધ મંડળીનો સરેરાશ SNF ૮.૫ થી વધીને ૮.૮ અને ૮.૯ સુધી પહોંચી જતા મંડળીને મોટો આર્થિક લાભ થવા પામ્યો છે. કારણ કે, જેમ-જમે SNF વધે છે તેમ-તેમ મંડળીને પ્રતિકીલોએ મળવાપાત્ર રકમમાં પણ વધારો થાય છે જેથી મંડળી દૂધ ગ્રાહકોને સ્થાનિક ભાવફેર પણ વધુ ચૂકવવા સક્ષમ બને છે. આ ઉપરાંત, તખતપુરા ગામમાં આ પાવડરના વપરાશથી પશુઓમાં રીપીટ (ગાભણ) થવાની સમસ્યાઓમાં ભારે ઘટાડો નોંધાયો છે અને ગામના સરેરાશ પશુઓના સ્વાસ્થ્યમાં પણ સુધારો નોંધાવા પામ્યો છે. તો, આવો ... આપણે પણ તખતપુરા ગામની જેમ જાગૃત બની નવા વૈજ્ઞાનિક સંશાધનોને અપનાવી આપણા ગામની સાથે દૂધસાગર ડેરીના હાથ પણ મજબૂત કરીએ.

---

# મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી ફાઉન્ડેશન દ્વારા

## મુખ્ય સંયોજકની ભરતી




મોતીભાઈ ર. ચૌધરી ફાઉન્ડેશન, મહેસાણા ખાતે મુખ્ય સંયોજકની ભરતી માટે ગ્રામ વિકાસ, કુદરતી સંસાધન વિકાસ અને વ્યવસ્થાપન, મહિલા સશક્તિકરણ, કુપોષણ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, આપત્તિ વ્યવસ્થાપનના કામો માટેની યોગ્ય લાયકાત અને પ્રોજેક્ટ અમલીકરણનો ઓછામાં ઓછો દશ વર્ષનો અનુભવ ધરાવતા અનુસ્નાતક, અંગ્રેજી ભાષાના તથા કોમ્પ્યુટરના જાણકાર ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીઓ સાથે લાયકાત અને અનુભવના પ્રમાણપત્રની નકલો જોડવાની રહેશે. રસ ધરાવતા ઉમેદવારોએ સંસ્થાના કાર્યાલયમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ માં અરજીઓ મળે તે રીતે અરજી કરવાની રહેશે. વેતન લાયકાત/અનુભવને આધીન રહેશે.

**અરજી મોકલવાનું સરનામું :**
**મંત્રીશ્રી, મોતીભાઈ ર. ચૌધરી ફાઉન્ડેશન, ૧-૮, સ્પાન એન્કલેવ, અક્ષરધામ ટાઉનશીપ, એન.જી. ઈન્ટરનેશનલ સ્કુલની સામે, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧**

## સાગર મંથન

અશ્વિન વી. ચૌધરી

### સહકારીતાનો વારસો આપણી દૂધસાગર ડેરી



દેશની આઝાદી પછી સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્રની સંસ્થાઓની શરૂઆત થઈ પણ તેમાં સફળતા બહુ ઓછી સંસ્થાઓને મળી આવા સંજોગોમાં, આપણી દૂધસાગર સહકારી ડેરીના સદભાગ્યે શરૂઆતના તબક્કામાં જ આપણને સ્વ. માનસિંહભાઈ પટેલ અને મોતીબાપુ જેવા સદચરિત્ર ધરાવતા આગેવાનો પ્રાપ્ત થયા અને પરિણામ સ્વરૂપ આ સંસ્થાના પાયામાં સત્ય, સમર્પણ અને સાદગી તથા સદાચારની ઈંટો રોપાઈ.

દેશના સાપેક્ષમાં સમગ્ર ગુજરાતમાં સહકારીતાને સફળતા મળવાના મુખ્ય ચાર આધાર સ્તંભ રહ્યા છે.

**(૧) નિસ્વાર્થ અને દૂરંદેશી નેતૃત્વ :** ભારતના અન્ય ભાગોમાં સહકારી સંસ્થાઓ સફળ ન થઈ શકી. પણ, ગુજરાતમાં આ મોડલને ભરપુર સફળતા મળી એના પાયામાં જેટલો ફાળો ડૉ.કુરિયન સાહેબ જેવા ટેક્નોક્રેટસનો છે એનાથી પણ વધુ હાથ સ્વ.ત્રિભોવનદાસ પટેલ, માનસિંહભાઈ પટેલ, મોતીબાપુ અને ગલબાકાકા જેવા નિસ્વાર્થ, ખમીરવંતા અને દૂરંદેશી આગેવાનોનો છે. જેમણે દૂધસંઘોને પોતાના ભોગવિલાસ અને જ્ઞાતીવાદનો અડ્ડો ન બનાવતાં પોતાના કુશળ સંચાલનથી ગ્રામીણ વિસ્તારના અર્ધશિક્ષિત અને અભણ લોકોને સંગઠિત કરી સહકારીતા અને વ્યવસાયિક કુશળતાનો સમન્વય કરીને મજબૂત આત્મનિર્ભર અર્થતંત્રનો પાયો રચ્યો. હમણાં એક લગ્ન પ્રસંગે ડેરીના એક જૂના કર્મચારી મળ્યા. એમણે જણાવ્યું કે ; મોતીબાપુ એક ઢાંકણી પાણીનો બગાડ ના કરે તેમણે દૂધનો કેટલો સદઉપયોગ કર્યો હશે. આ ઉદાહરણ પૂરતુ નથી શું ?

**(૨) સ્ત્રી સશક્તિકરણ :** સહકારી દૂધસંઘોની સફળતામાં સૌથી મોટો ફાળો વહેલી સવારે અને સમી સાંજે અંધારા જ્યારે અવની ઉપર ઉતરે ત્યારે દૂધ દોહવા બેસતી બહેનો અને માતાઓનો છે. પોતાના લોહી પરસેવાથી સિંચીને દૂધનો સાગર સર્જનાર નારી શક્તિએ જ આપણને સૌને ભણાવી ગણાવી આજે આધૃનિક કોમ્પ્યુટર યુગને લાયક બનાવી એક આગવી ઓળખ આપી છે. ગ્રામીણ ગુજરાતમાં આર્થિક ઉત્પાદનમાં મહિલાઓની ભાગીદારી અને સમાજ દ્વારા મહિલાઓને મળેલી સ્વીકૃતિને કારણે આજે સહકારીતાનું ક્ષેત્ર ગુજરાતમાં આકાશની ઉંચાઈએ આંબવા પામ્યું છે.

**(3)સહકારીતા એટલે માસ પ્રોડક્શન નહિં પણ પ્રોડક્શન બાય માસ:** સહકારી સંઘોએ અત્યારે અમૂલ બ્રાન્ડ હેઠળ એક મોટી આર્થિક તાકાત બનાવી છે. પણ એના પાયામાં છે નાના - સીમાંત પશુપાલકો અને અંત્યોદયની પ્રવૃતિ રહેલી છે. એક -એક લીટર દૂધ લઈને પોતાની સંસ્થા સમજીને - દૂધ ભરાવનાર અસંખ્ય પશુપાલકોનો આ સફળતામાં સિંહફાળો રહેલો છે.

**(૪) સ્વાયત્તતા અને આત્મનિર્ભરતા :** આજે ગુજરાતમાં સહકારી ડેરીઓ એક સમાંતર અર્થતંત્ર ચલાવે છે. ગ્રામીણ લોકોને સ્વરોજગારી પૂરી પાડે છે. ટકાઉ વિકાસનું ઉત્તમ મોડલ બની આ દૂધ સંઘો ઉભરી આવ્યા છે. સરકારી બાબુઓને પણ મહિને એક વાર પગાર મળે છે જ્યારે પશુપાલકોને મહિનામાં ત્રણ વાર દૂધના નાણાં ચૂકવીને દૂધસાગર તેમની સાથે ઉભી હોય છે. આખરે તો સર્વ સમાવેશી વિકાસના દ્રષ્ટિકોણને સદેહે સાકાર કરવાનું ઉત્તમ માધ્યમ છે : સહકારીતા

દૂધસાગરની સાથે સાથે ...

## હવે પ્રાકૃતિક ખેતીની દૂનિયામાં દૂધસાગર એક કદમ આગળ




ભારતના પ્રધાનમંત્રીશ્રી.નરેન્દ્રભાઈ મોદીજીના કલ્પનાના ભારત દેશમાં પ્રાકૃતિક ખેતીની એક કલ્પના પણ સમાયેલી છે. આજે ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહીમ શ્રી. આચાર્ય દેવવ્રતજી એક યજ્ઞની જેમ આ મહાન કાર્યમાં પોતાની આહૂતિ આપી રહ્યા છે ત્યારે તેમની દૂધસાગરની મૂલાકાત પછી આપણી ડેરીના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી દ્વારા પણ આ ક્ષેત્રમાં દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રના વધુમાં વધુ ખેડૂતો અને પશુપાલકો જોડાય તે માટે એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરી દ્વારા શરૂ કરવામાં આવેલી સાગર ફ્રેશ પ્રાકૃતિક પ્રોડક્ટસ રીટેલ શોપને મળેલી અભૂતપુર્વ સફળતા બાદ ઉંઝા અને પાટણ ખાતે પણ આ પ્રકારની રીટેલ શોપનો હજારો પશુપાલકો અને ખેડૂતોની હાજરીમાં સંસ્થાના ચેરમેનશ્રી.ના વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. ઉંઝા અને પાટણ ખાતે પણ આપણી પ્રાકૃતિક ખેતી આધારિત શુધ્ધ અનાજ અને અન્ય વસ્તુઓના વિતરણને ગ્રાહકો તરફથી ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. દૂધસાગર ડેરી દ્વારા હાલમાં ખેડૂતોના ઓર્ગેનિક પાકોની ખરીદી કરવાનું આયોજન હાથ ધરાયું છે. ડેરી દ્વારા ઘઉ, ચણા, કઠોળ સહિતના પ્રાકૃતિક પાકોને ખેડૂતો અગાઉથી રજીસ્ટ્રેશન કરાવી યોગ્ય ભાવથી દૂધસાગર સંઘને આપી શકશે. જે ખેત પેદાશો દૂધસાગર ડેરી ખેડૂતના ઘરે બેઠાં ખરીદી તેના યોગ્ય ભાવ મળે તે અંગે ઉદારભાવ કેળવી ખરીદીની એક તંદુરસ્ત શૃખંલા તૈયાર કરી રહી છે. ચાલુ વર્ષે પ્રાકૃતિક ઘઉં, ચણા અને કઠોળ ખરીદવાનું આયોજન કરવામાં આવ્યું છે તે માટે ડેરી પ્રશાસન દ્વારા ખેડૂતોને તમામ માર્ગદર્શન મળી રહે તે માટે : **7016812266** ટેલિફોન નંબર જાહેર કરવામાં આવ્યો છે જ્યાંથી પ્રાકૃતિક ખેત પેદાશો ડેરીને વેચવા માગતા ખેડૂતોને તમામ માહિતી મળી રહેશે.

ચાલુ વર્ષે **100%** શુધ્ધ પ્રાકૃતિક ઘઉં ભરવાની સીઝનમાં વેચાણ સાગરફ્રેશની મહેસાણા - ઉંઝા અને પાટણ શહેરમાં નોંધણી ચાલી રહી છે. વિવિધ રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ હાલમાં કેન્સર જેવા જીવલેણ રોગને આમંત્રણ આપી રહ્યા છે ત્યારે દૂધસાગર ડેરી દ્વારા પ્રામાણિત ઘઉં માટે અત્યારથી જ નોંધણી કરાવવામાં આવશે તો જ ગ્રાહકને પ્રાપ્ત થશે તેવા વાતાવરણનું નિર્માણ શક્ય છે. દૂધસાગર ડેરી દ્વારા હાલમાં (૧) ૪૯૬ ટુકડી ઘઉં (૨) શરબતી ઘઉં (3) ચાસીયા (ભાલીયા) ઘઉં (૪) બંસી ઘઉંની નોંધણી ચાલી રહી છે જેની માહિતી ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપર મળી રહેશે.



DAIRY BUDGET ₹ 2023





# ડેરી ક્ષેત્રના મહત્વને ધ્યાનમાં રાખી બજેટ ફાળવણીમાં અપાયેલા 40% ના વધારાને

# દૂધસાગર ડેરીના 6 લાખ પશુપાલકો આવકારે છે : અશોક ચૌધરી

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (દૂધસાગર ડેરી) ના ચેરમેન શ્રી. અશોકભાઈ બી. ચૌધરીએ તાજેતરમાં ભારત સરકાર નાણા મંત્રીશ્રી. નિર્મલા સીતારમન દ્વારા રજૂ કરવામાં આવેલ બજેટ 2023 - 2024 માં દેશના ડેરી ઉદ્યોગને મહત્વ આપી 40% ની ગત વર્ષ કરતાં વધારે ફાળવણી કરવાના નિર્ણયને છ લાખ પશુપાલકો વતી આવકાર્યો હતો. તેઓએ આ અંગે દૂધસાગર પત્રિકા વાત કરતાં જણાવ્યું કે અમૃતકાળનું આ પ્રથમ બજેટ સહકારી આધારિત આર્થિક વિકાસના મોડલ મારફતે પશુધન અને ડેરી ક્ષેત્રના વિકાસને વેગવંતો બનાવવાની સરકારની કટિબધ્ધતાનો પૂરાવો છે. જેને હું મારી સંસ્થા તથા આ સંસ્થા સાથે જોડાયેલા લાખો લાખો પશુપાલકો વતીથી આવકારૂ છું તથા પ્રધાનમંત્રી સહિત - દેશના સહકાર મંત્રી શ્રી. અમિતભાઈ શાહ અને નાણામંત્રી નિર્મલાબેનની સાથે પશુપાલન મંત્રીશ્રી. પુરૂષોત્તમ રૂપાલાને આભાર સાથે ધન્યવાદ પાઠવું છું. આ બજેટીય ફાળવણીમાં ડેરી ઉદ્યોગમાં લગભગ 40% નો વધારો કરી રૂપિયા 4327.8 કરોડ કરવામાં આવ્યા છે તે ડેરી ક્ષેત્રના અર્થતંત્ર માટે આવકાર દાયક પગલું છે. આગામી પાંચ વર્ષમાં આવરી લેવામાં ન આવી હોય તેવી પંચાયતો અને ગામોમાં ડેરી સહકારી મંડળીઓ સહિત બહુહેતુક સહકારી સોસાયટીઓની સ્થાપના થવાથી પશુપાલકોને માર્કેટ સુલભ બનાવવામાં, તેમના નફાને વધારવામાં અને દૂધસાગર જેવી સહકારી સંસ્થાઓને સધ્ધરતા આપવામાં અમને ખૂબ મદદ મળશે તેવો મને વિશ્વાસ છે. આ સાથે સરકારશ્રીના આ બજેટમાં એક કરોડ ખેડૂતોને કુદરતી ખેતી અપનાવવાની સુવિધા પૂરી પાડવાની પહેલ માટે હું ખુશી વ્યક્ત કરું છું. બજેટ 2023-2024 માં ગ્રામ્ય અને સહકારી ક્ષેત્રો ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હોવાથી તે આપણી દૂધસાગર સહિત સમગ્ર દેશના પશુપાલકો અને કરોડો ખેડૂતો માટે જીવન ઉધ્ધારક સાબિત થશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

આ સાથે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી.એ પત્રિકા સાથે વાત કરતાં જણાવ્યું કે 200 કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) પ્લાન્ટ્સ અને 300 કમ્યુનિટી અને ક્લસ્ટર આધારિત પ્લાન્ટ્સ સ્થાપવા માટે રૂ.10,000 કરોડનું રોકાણ ક્લીન એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન આપશે. 10,000 બાયો-ઈનપુટ રીસોર્સ સેન્ટરોની સ્થાપના પણ ગ્રામીણ ભારતના અર્થતંત્રમાં ઓક્સિજન પૂરવાનું ભગીરથ કાર્ય કરશે.

તેઓએ, આ બજેટમાં ડેરી ઉદ્યોગ અને ખેતી તથા પશુપાલકો માટેની સુનિયોજીત વ્યવસ્થા કરવાના સરકારના પગલાંને મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના કાર્યક્ષેત્ર એવા મહેસાણા - પાટણ અને ગાંધીનગર જીલ્લાના લાખો પશુપાલકો વતી આવકારતાં પોતાના આનંદની લાગણી વ્યક્ત કરી સરકાર તથા દૂધસંઘોના સહિયારા પ્રયત્નોથી આગામી સમયમાં પશુપાલકો તથા ખેડૂતો અને એમાં પણ, પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોની આવક અનેક ગણી વધશે તથા તેમના દ્વારા ઉત્પાદિત દૂધ તથા પ્રાકૃતિક ખેત પેદાશોને સારા ભાવ તથા વૈશ્વિક બજાર સરળતાથી ઉપલબ્ધ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.










મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા